# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે વિશ્વ જમીન દિવસ ઉજવાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ વિશ્વ જમીન દિવસની ઉજવણી કરવામાં આવી. સદર કાર્યક્રમમાં ડો. જે. કે. પરમાર, સહ પ્રાધ્યાપક, કૃષિ રસાયણશાસ્ત્ર અને જમીન વિજ્ઞાન વિભાગ, આ.કૃ.યુ., આણંદ તેમજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, સોજીત્રાના બ્રાન્ચ મેનેજર શ્રી અંકિત કુમાર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કુલ ૫૧ જેટલા ખેડૂત ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ,દેવાતજ ડો. એ. સી. વૈદ્યએ કાર્યક્રમમાં આમંત્રિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ વિશ્વ જમીન દિવસની અગત્યતા સમજાવી હતી. ડો. જે. કે. પરમાર દ્વારા જમીનનું પૃથ્થકરણ, જમીન આરોગ્ય પત્રક તેમજ જમીનને ક્ષારીય બનતી અટકાવવાના પગલાઓ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. શ્રી અંકિત કુમારે ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ તેમજ બેન્ક થકી કૃષિ વીમો લેવાના ફાયદાઓની સમજણ આપી હતી. વધુમાં ડો. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દેવાતજ દ્વારા સંકલીત પોષણ વ્યવસ્થા તેમજ જમીનની ફળદ્રુપતા વધારવાની પધ્ધતિઓ વિષે ચર્ચા કરવામાં આવેલ.

કાર્યક્રમને અંતે ડો. એસ. બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા કાર્યક્રમમાં હાજરી આપવા બદલ સર્વેનો આભાર વ્યક્ત કરેલ. આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (મત્સ્ય વિજ્ઞાન) દ્વારા કરવામાં આવેલ.



